

# આહ્વાન


## Shahpur Methodist Church

Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Pastor : Rev. Vijay Mekwan (D.S)
Ph. : 079-25503545 (M) 98242 69347

Email : revvijaymekwan@yahoo.com
Visit us at : www.shahpurmethodistchurch.com



વર્ષ - ૪૦ | એપ્રિલ - ૨૦૧૪ | પત્ર - ૨૧


## ખ્રિસ્તનાં દુઃખોનું ભાગીયાપણું

આ દિવસોમાં આપણે લેન્ટના દિવસોમાંથી પસાર થઈ રહ્યાં છીએ. લેન્ટનો સમય એટલે ઉપવાસ તથા પ્રાર્થનાનો સમય. પ્રભુની પાસે આવવાનો તથા પસ્તાવાનો સમય. પ્રભુ ઈસુએ વેઠેલાં દુઃખો વિષે વિચારવાનો સમય. આશરે બે હજાર વર્ષ પહેલાં ઈસુ ખ્રિસ્ત આ જગતમાં આવ્યા હતા અને માનવજાતના પાપો માટે પોતાનું બલિદાન આપ્યું હતું. સંત પાઉલ પ્રભુ ઈસુની ઓળખ પામ્યા તે પહેલાં જેઓનું ધ્યેય ઈસુની મંડળીની સતાવણી કરવાનું હતું અને જે ઈસુના અનુયાયીઓને મીટાવી દેવા માંગતા હતા, તે જ બદલાણ પામ્યા બાદ ઈસુનાં નામની ખાતર ઈસુનાં દુઃખોનું ભાગીયાપણું જાણવા માંગતા હતા. પોતાના જીવનનો મકસદ જણાવતા તેઓ ફિલીપીની મંડળીને પત્ર લખતાં આ પ્રમાણે કહે છે. “એ માટે કે હું તેને તથા તેના પુનરુત્થાનના સામર્થ્યને તથા તેના દુઃખોના ભાગીયાપણાને જાણું, એટલે તેના મરણને અનુરૂપ થાઉં” (ફિલીપ્પી ૩:૧૦). જે ઈસુને તેઓ પોતાના દુશ્મન ગણતા હતા તેમની સાથે હવે એકરૂપ બનવાની તથા તેમના દુઃખોમાં ભાગીદાર બનવાની તેમની ઈચ્છા છે. આ એક ખ્રિસ્તી જીવનનો ખુબ મોટો મર્મ છે.

બાઈબલ આપણને શીખવે છે કે પ્રભુ ઈસુએ પોતાનું જીવન માનવજાત માટે અર્પી દીધું હતું. ઈસુ ખ્રિસ્તે પણ પોતાના જીવનો અને તેમના આ જગતમાં આવવાના હેતુ સંબંધી કહ્યું હતું કે, “માણસનો દીકરો સેવા કરાવવાને નહિ પણ સેવા કરવાને તથા ઘણાંની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવા સારૂ આવ્યો છે” (માર્ક ૧૦:૪૫). તેમણે આ કાર્ય પૂરૂં કરવા માટે ઘણું આકરૂં દુઃખ ભોગવ્યું હતું. યાજકો તથા યહૂદી અધિકારીઓ દ્વારા તેમની ઉપર ખુબ ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. સુવાર્તામાં લખ્યા પ્રમાણે તેમની ઉપર કોરડાનો માર મારવામાં આવ્યો હતો, તેમના ચહેરા પર મુક્કીઓ મારવામાં આવી હતી, માથા ઉપર કાંટાનો મુગટ ઠોકી બેસાડવામાં આવ્યો હતો અને છેવટે વધસ્તંભ પર હાથમાં તથા પગમાં ખીલા મારી તેમને લટકાવી દેવામાં આવ્યા હતા. અને તે વધસ્તંભ પર બપોરના તાપમાં કલાકો સુધી યાતના સહન કરતા તેઓ લટકતા રહ્યા. અને સંત પાઉલ જણાવે છે કે તેઓ એવું દુઃખ સહન કરતાં ખ્રિસ્તની સાથે એકરૂપ થાય. અને ૨ કરંથી ૧૧મા અધ્યાયમાં તેઓ પોતે વેઠેલા દુઃખો વિષે જણાવે છે. સુવાર્તાના કારણે ફટકા ખાધા, ખ્રિસ્તવિરાધીઓ દ્વારા અનેક વાર પથ્થરોનો માર ખાધો, અનેક વિટંબણાઓ વેઠી. પોતે જે સાક્ષી આપી હતી તે સાર્થક કરવા માટે તેઓ ખ્રિસ્ત માટે અને ખ્રિસ્તની સાથે ગમે તેવું દુઃખ આવે તે હિમંતથી વેઠ્યું હતું.

ખ્રિસ્તી જીવન વિષે આપણે શું સમજીએ છીએ? ખરૂં ખ્રિસ્તી જીવન એટલે શાંતિવાળું ભૌતિક આનંદપ્રમોદવાળું જીવન નહી પણ ખ્રિસ્તની ખાતર ત્યાગ અને બલિદાનયુક્ત જીવન. ખ્રિસ્તી જીવન એટલે દુઃખો અને યાતના ભરેલું જીવન. ખ્રિસ્તની પાછળ ચાલવું અને તેમની સેવા કરવી એનો અર્થ કે મુશ્કેલીઓ તથા સતાવણીને જીવનમાં અપનાવવી. ખ્રિસ્તે આપણી ખાતર દુઃખો વેઠ્યાં અને ખુબ દર્દનાક મોત તેમણે સહન કર્યું. આપણે તેમના શિષ્યો ગણાઈએ છીએ, મંડળી ખ્રિસ્તના લોકોની બનેલી છે. જે આદર્શો ખ્રિસ્તે આપણને શીખવ્યા છે, જે માર્ગ  પર આપણને ચાલવા માટે તેમણે આહવાન આપ્યું છે તે આપણે કેવી રીતે વિસરી જઈ શકીએ? લેન્ટની સીઝનમાં આપણે ઉપવાસ કરીએ કે અમુક ભૌતિક બાબતોનો ત્યાગ કરીએ એટલું પુરતું નથી. આપણા જીવનો હેતુ આપણે નક્કી કરવાનો આ સમય છે. પ્રભુ ઈસુએ પણ તેમના શિષ્યોને શિષ્યપણા સંબંધી આહવાન આપતા શિષ્યપણામાં રહેલ મુખ્ય બાબત સંબંધી જણાવ્યું હતું. “તેણે સઘળાને કહ્યું કે, જો કોઈ મારી પાછળ આવવા  ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો, અને દરરોજ પોતાનો વધસ્તંભ ઉંચકીને મારી પાછળ ચાલવું”(લુક ૯:૨૩). આ શિષ્યપણાની શરતમાં બંને ત્યાગ અને દુઃખ સહન કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે અને આ પોતાને ગમે તો કરવું એવું નહી પણ ફરજીયાત કરવું એવો એનો અર્થ થાય છે.

વહાલાંઓ. આપણે પ્રભુ ઈસુનાં દુઃખ સહનના દિવસોમાંથી પસાર થઈ રહ્યાં છીએ. આપણા ઉધ્ધારને સારૂં ખ્રિસ્તે ખુબ આકરૂં દુઃખ વેઠ્યું છે. ખ્રિસ્તે આપણા પર અનહદ પ્રેમ કર્યો છે અને તેના કારણે તેમણે આપણે સારૂં પોતાનું બલિદાન આપ્યું છે. આજે પ્રશ્ન એ છે કે શું આપણે ખ્રિસ્ત પર પ્રેમ કરીએ છીએ. આપણે પ્રભુ ઈસુ માટે દુઃખ સહન કરવા તૈયાર છીએ? આપણા જીવનનું ધ્યેય શું છે? જો આપણે પ્રભુ ઈસુએ વેઠેલાં દુઃખો વિષે જાણીએ છીએ તો જ આપણે સંત પાઉલની માફક કહી શકીશું કે હું ખ્રિસ્તના દુઃખોના ભાગીયાપણાને જાણું. કેવળ મગજથી જ નહિ પણ સાચા હૃદયથી. પ્રભુ ઈસુની પાછળ ચાલતા ભલે ગમે તે દુઃખો સહન કરવા પડે આપણે પાછા નહિ પડીએ. જેમ જેમ આપણે પ્રભુ ઈસુના દુઃખો વિષે વધારે સમજી શકીશું તેમ તેમ આપણે પ્રભુના માટે વધુ દુઃખ સહન કરવા અને તેમના દુઃખોમાં ભાગીદાર થવા તૈયાર રહીશું. ઈશ્વરપિતા આપણને સંત પાઉલની જેમ ખ્રિસ્તના દુઃખો સમજવા અને તેના  પ્રત્યુતરમાં ખ્રિસ્તની સાથે દુઃખોમાં ભાગીયા બનવા મદદ કરે. આમેન.


આ બુલેટીનનો ખર્ચ મા. શેલ્ડન વી. ક્રિસ્ટી તરફથી મળેલ છે.- આભાર.

## માર્ચ માસ તરફ એક નજર

- તા. ૨જી માર્ચ, રવિવારે મંડળીમાં બાર્તિમાયનો રવિવાર ઉજવવામાં આવ્યો હતો. ભક્તિસભામાં બાર્તિમાય મિનીસ્ટ્રીના ડાયરેક્ટર રેવ. જસવંત મેકવાનસાહેબ તેમના સ્ટાફ તથા બાળકો સાથે ભક્તિસભામાં ઉપસ્થિત રહ્યાં હતા. દ્રષ્ટિહીન બાળકોએ સુંદર ગીતો રજુ કર્યા હતા. રેવ. જસવંત મેકવાનસાહેબે સેવા સંબંધી જાણકારી આપી હતી તથા સંદેશો પણ આપ્યો હતો. આ રવિવારનું ખાસ દાન બાર્તિમાયની સેવા માટે આપવામાં આવ્યું હતું. મહીનાનો પ્રથમ રવિવાર હોવાથી ભક્તિસભામાં પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવ્યો હતો.
- તા. ૯મી માર્ચ રવિવારે, પાળકે ભક્તિસભામાં ૧ શમૂએલ ૨૪:૧-૭ આધારિત સફળ આત્મિક જીવનનો સિધ્ધાંત એ વિષય પર દાઉદના જીવનનો નિયમ એ વિષય પર સંદેશો આપ્યો હતો.
- તા. ૧૬મી માર્ચ રવિવારે, પાળકે રૂથ ૧:૮-૧૮ આધારિત સફળ આત્મિક જીવનનો સિધ્ધાંત એ વિષય પર રૂથના જીવનનો નિયમ એ વિષય પર સંદેશો આપ્યો હતો.
- તા. ૨૩મી માર્ચ રવિવારે પાળક પૂના ગયેલ હોવાથી તેમની ગેરહાજરીમાં મંડળીના સેક્રેટરી શ્રી આલાપ માસ્ટરે ભક્તિસભાનું સંચાલન કર્યું હતું તથા ડિસ્ટ્રીક્ટ ઈવેન્જેલીસ્ટ શ્રીમતી સુધા વી. મેકવાને સંદેશો આપ્યો હતો. આભાર.
- તા. ૩૦મી માર્ચ રવિવારે, પાળકે યોહાન ૩:૨૨-૩૦ આધારિત સફળ આત્મિક જીવનનો સિધ્ધાંત એ વિષય પર યોહાન બાપ્તિસમીના જીવનનો નિયમ એ વિષય પર સંદેશો આપ્યો હતો.

## આગામી કાર્યક્રમો

- તા. ૧૩-૪-૧૪ રવિવારે પામ સન્ડેની ભક્તિસભા સવારે ૯-૦૦ ક.
- તા. ૧૮-૪-૧૪ શુક્રવારે ગુડ ફ્રાયડેની ભક્તિસભા સવારે ૯-૦૦ ક. જેમાં પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવશે.
- તા. ૨૦-૪-૧૪ રવિવારે ઈસ્ટરની ભક્તિસભા સવારે ૯-૦૦ ક.

## સન્ડેસ્કુલ-V.B.S.ની પીકનીકનો અહેવાલ

તા. ૨-૪-૧૪ને રવિવારના દિવસે સન્ડે સ્કુલ અને વી.બી.એસ.ના બાળકો તથા શિક્ષકો માટે એક પિકનીકનું આયોજન ગાંધીનગર ઈન્દ્રોડા પાર્ક ખાતે કરવામાં આવ્યું હતું જેમાં ૧૨ બાળકો અને ૯ શિક્ષકોએ ભાગ લીધો હતો.

તા. ૨-૪-૧૪ને રવિવારે સવારે ૯-૩૦ ક. શાહપુર મેથોડિસ્ટ ચર્ચ પરથી સ્પેશ્યલ વાહનમાં પિકનીક માટે જવા નીકળ્યા હતા. ઈન્દ્રોડા પાર્ક પહોંચી બધાને ચા-નાસ્તો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ ડાઈનાસોર પાર્ક, બોટની પાર્ક, માછલી ઘર તથા પ્રાણી સંગ્રહાલય તેમ જ સર્પગૃહમાં ફર્યા હતા. બપોરે બધાને જમવાનું આપવામાં આવ્યું હતું. સાંજ પાછા ફરતાં મધરડેરીમાં બાળકો તેમ જ શિક્ષકોને સન્ડસ્કુલ સુપ્રિ. કુ. ટ્વિંકલ ક્રિસ્ટી તરફથી આઈસક્રીમ આપવામાં આવ્યો હતો. બધાં ખુબ તોફાન-મસ્તી તથા આનંદ કરતા સાંજે ૬-૦૦ ક. પાછા આવ્યા હતા.

આ પિકનીક માટે અમેરિકામાં વસતા આપણી મંડળીના સભ્ય શ્રીમતી સુધાબેન એ. કુંજરાવીયાએ રૂ. ૫૦૦૦/- તથા શ્રીમતી સેડ્રિકાબેન ગેર્શોમે રૂ. ૫૦૦/- તેમ જ શ્રીમતી શીલાબેન એમ. પટેલે રૂ.૫૦૦/- દાન પેટે આપ્યા હતા. બાકીનો ખર્ચ મંડળીમાંથી આપવામાં આવ્યો હતો. આ પિકનીકની સફળતા માટે ઈશ્વરપિતાનો તથા દાન આપનાર તેમ જે સાથ-સહકાર આપનાર સર્વનો હું આભાર માનું છું.

કુ. ટ્વીંકલ ક્રિસ્ટી,
સન્ડે સ્કુલ સુપ્રિ.

## પાળક મારફતે મળેલ દાન માર્ચ ૨૦૧૩

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી સ્ટેલાબેન મનહરભાઈ પરમાર | ૫૦ | આ.સ્તુ. |
| ૨. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૩. | શ્રી દેવદાસ બી. ક્રિશ્ચિયન | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૪. | શ્રી કાન્તિભાઈ બી. સોલંકી | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૫. | શ્રીમતી રીટાબેન જે. કીન | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૬. | શ્રીમતી શર્મિલા સુદીપ અર્લીક | ૧૫૦ | આ.સ્તુ. |
| ૭. | શ્રી થોમસ વિક્ટરભાઈ ક્રિશ્ચિયન | ૫૦૦ | આ.સ્તુ. |
| ૮. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | ૧૦૦૦ | આ.સ્તુ. |
| ૯. | શ્રી આલાપ જે. માસ્ટર | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૧૦. | કુ. ટ્વિન્કલ વી. ક્રિસ્ટી | ૧૦૦૦ | આ.સ્તુ. |
| ૧૧. | શ્રીમતી રીનાબેન જીગ્નેશ દાસ | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૧૨. | કુ. જીની જોનભાઈ મેકવાન | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૧૩. | શ્રી શરદભાઈ બી. વાઘેલા | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૧૪. | શ્રીમતી કલ્પનાબેન સુનિલ મેકવાન | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૧૫. | કુ. શાલીન સામી ગામડીયા | ૨૦૦ | આ.સ્તુ. |
| ૧૬. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | ૧૦૦ | આ.સ્તુ. |
| ૧૭. | શ્રીમતી કમળાબેન પી. મહિડા | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૧૮. | કુ. ટ્વિંકલ વી. ક્રિસ્ટી | ૫૦૦ | વર્ષગાંઠ |

## મંડળીની પિકનીક

મંડળીના સર્વ સભ્યો જોગ જણાવવાનું કે તા. ૨૭મી એપ્રિલ, રવિવારે મંડળીના સભ્યો માટે એક પિકનીક મહેસાણા પાસે આવેલ તિરૂપતી ગાર્ડન ખાતે રાખવામાં આવી છે. આ માટે મોટાં માટે રૂ.૩૨૦/- વ્યક્તિ દીઠ અને બાળકો માટે રૂ. ૨૫૦/- નક્કી કરવામાં આવ્યા છે. આપના વિસ્તારના કારભારીને આપના નામ તથા રકમ આપી આ કાર્યક્રમમાં જોડાવા સર્વને વિનંતી કરવામાં આવે છે. બસ સવારે ૬-૦૦ ક. ચર્ચ પાસેથી ઉપડશે. ભાગ લેનાર સર્વને નમ્ર વિનંતી કરવાની કે સમયસર ચર્ચ પર હાજર રહેવું. ભોજન, ચા-નાસ્તા વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે.

**આવો..........ભાગ લો........બીજાંઓને લાવો**

## વાર્ષિક અહેવાલમાં સુધારો

વાર્ષિક અહેવાલ પાન નં. ૪૧ પર વર્ષ ૧૦૧૨-૧૩માં શરતચૂકથી શ્રી શરદભાઈ બી. વાઘેલાનું દાન રૂ.૧૨૦૦/- રહી ગયેલ છે.

## HAPPY BIRTHDAY- MARCH

| તારીખ | નામ | તારીખ | નામ |
|---|---|---|---|
| ૦૧ | લીલાબેન જોસફભાઈ ક્રિશ્ચિયન | ૧૬ | જીગ્નેશભાઈ જે. દાસ |
| ૦૩ | સામી આલ્ફ્રેડ ગામડીયા | ૧૬ | લક્ષ્મીબેન એફ. રાઠોડ |
| ૦૫ | સિન્ડ્રેલા સુભાષભાઈ હિવાળે | ૧૯ | હર્ષદરાય એ. કુંજરાવીયા (U.S.A.) |
| ૦૬ | સુધાબેન એચ. કુંજરાવીયા (U.S.A.) | ૨૪ | ખ્રિસ્તી ઈવેન્જેલીના ઈમાનુએલ |
| ૦૭ | રોઝમેરી આર્નોન પેલમોર | ૨૫ | પારૂલ ઓનિલ ગામડીયા |
| ૦૯ | શાલીન શૈલેષભાઈ માસ્ટર | ૨૬ | નિયંતા કેનેથ ક્રિશ્ચિયન (U.S.A.) |
| ૧૨ | સોલોમન ટી. રૂબી | ૨૭ | કોમલ પી. ખ્રિસ્તી |
| ૧૬ | રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | ૨૮ | પ્રીમા શરદભાઈ માસ્ટર |
| ૧૬ | સેલીના ફ્રાન્સિસ ગોહિલ | ૩૦ | રશ્મિકાન્ત પી. મહીડા |
| ૧૬ | સેનીટા પ્રશાંતભાઈ ક્રિશ્ચિયન | ૩૦ | દિપાલી પરેશભાઈ પરીખ |

## ફેબ્રુઆરી - ૨૦૧૪નો નાણાંકીય અહેવાલ

| | | |
|---|---|---|
| તા. ૧-૧-૧૪ની ઉઘડતી સિલક | રોકડ | ૨૩૧.૮૮ |
| | બેંકમાં | ૨,૪૩,૩૮૧.૫૮ |
| તા. ૩૧-૧-૧૪ સુધીની આવક | | ૯૩,૧૩૯.૦૦ |
| | કુલ | ૩,૩૯,૭૫૨.૪૬ |
| તા. ૩૧-૧-૧૪ સુધીની બંધ સિલક | રોકડ | ૩૨૨.૮૮ |
| | બેંકમાં | ૧,૯૪,૨૦૦.૫૮ |
| તા. ૩૧-૧-૧૪ સુધીનો ખર્ચ | | ૧,૪૫,૨૨૯.૦૦ |
| | કુલ | ૩,૩૯,૭૫૨.૪૬ |

નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર